राष्ट्रीय स्वयंसिद्ध सम्मान
एक पहल बदलाव की ओर

JSPL FOUNDATION

| Date | Media outlet | Headline | Edition | AVE |
|---|---|---|---|---|
| Oct 07 | Gujarat Samachar | JSPL Foundation Launches Rashtriya Swayam Siddh Saman | Ahemdabad | 42000 |

# ગુજરાતમાં નિઃસ્વાર્થ કામ કરતા લોકોને સન્માનિત કરાશે

**આ** પણા સમાજમાં ઘણા દશરથ માંજી રહેલા છે પરંતુ તેમને શોધીને કોઈ બહાર લાવી શકતું નથી માટે તેઓની સેવાક્રિય પ્રવૃતિ સમાજ સમક્ષ આવતી નથી. હવે એવું નહી થાય. કેમ કે, જેએસપીએલ ફાઉન્ડેશને 'રાષ્ટ્રીય સ્વયંસિદ્ધિ સન્માન' નામથી નેશનલ કક્ષાનો એવોર્ડ આપવાનું નક્કી કર્યું છે. આ સન્માન એવા લોકો કે એવા એનજીઓને અપાશે જેમણે સમાજ માટે વિશેષ કામ કર્યું હોય.

આ અંગે માહિતી આપતા ફાઉન્ડેશનના પ્રમુખ કહે છે કે રાષ્ટ્રીય સ્વયંસિદ્ધિ સન્માન હેઠળ એવા લોકોની પસંદગી કરીશું. જેમણે આત્મવિશ્વાસના બળે જીવનથી વિપરિત પરિસ્થિતિઓને પાર કરીને પોતાની વિશિષ્ટ ઓળખ પ્રસ્થાપિત કરી હોય અને અન્ય લોકો માટે પ્રેરણા સ્ત્રોત બન્યા હોય. આ લોકોની કામગીરી પર અમે ડોક્યુમેન્ટરી બનાવીશું અને હજારોની સંખ્યા વચ્ચે દિલ્હી ખાતે બતાવીશું તેમજ તેમનું સન્માન કરીશું. જેથી કરીને સમાજના અન્ય લોકોને પ્રેરણા મળશે. આ એવોર્ડ માટેની અરજી ૨૫મી ઓક્ટોબર સુધી જેએસપીએલ ફાઉન્ડેશન ડોટ કો ડોટ ઈન, પર સબમીટ કરવાની રહેશે. આ પ્રોગ્રામ નવી દિલ્હી ખાતે યોજાશે.




**ભારતના વિવિધ રાજ્યમાંથી ૧૦ એનજીઓ અને ૧૦ વ્યક્તિની પસંદગી કરી તેમના ઉમદા કાર્યને સન્માનિત કરાશે**

**નેશનલ કમિટી નક્કી કરશે**

જે પણ નોમિનેશન આવશે. તે નોમીનેશન આધારે એક રિઝનલ કમિટી હશે. તે જે તે સ્થળ પર જઈને તે વ્યક્તિ કે એનજીઓની કામગીરીની તપાસ કરશે અને રિપોર્ટ નેશનલ કમિટીને સબમીટ કરશે. નેશનલ કમિટી પાસે વિવિધ રાજ્યમાંથી આવેલા નોમિનેશનમાંથી તેઓ ૧૦ એનજીઓ અને ૧૦ વ્યક્તિની પસંદગી કરશે.

**૧૬ નિયમ પ્રમાણે તપાસ થશે**

એવોર્ડ કોઈ એવી વ્યક્તિને ન અપાઈ જાય કે જે ખરેખર તેના લાયક ન હોય કે અન્ય કરતા તે વ્યક્તિનું કામ ઓછું હોય. તે માટે ૧૬ નિયમોને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. જે વ્યક્તિ ૧૬ નિયમોમાં પાસ થાય પછી જ તેમના પર કમિટી કામ કરશે.